

# અંગ્રેજી

## ધોરણ-૫

द्वितीय सत्र

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

## નવેમ્બર માસનું આયોજન

## 6. Cleanliness Habits

**અધ્યયન નિષ્પતિ :**

E501 Rhymes, Action Songs, Poems, Prayers યોગ્ય હાવભાવ અને અભિનય સાથે ગાય છે અને તેને આગળ વધારે છે.

E505 લૉનવર્ડ્ઝ સહિત આશરે 500 જેટલાં શબ્દો જાણે છે, વાચનમાં રહેલા તે શબ્દો ઓળખે છે અને લેખનમાં તેનો ઉપયોગ કરે છે.

E506.1 પ્રાસવાળા શબ્દો વાંચીને ઓળખે છે, તેની જોડ બનાવે છે, તેમાં બીજા નવા શબ્દો ઉમેરે છે અને લખે છે વાચન અને ઉચ્ચાર વચ્ચેનો સંબંધ અને ભેદ ઓળખે છે, તારવે અને લખે છે. ઉ.દા. Bat, Cat, But, Rat

E518 before, after, behind, near, between વગેરે જેવા શબ્દોનો ઉપયોગ કરી વસ્તુઓનો નિર્દેશ કરે છે તેમજ પ્રશ્નોના જવાબ આપે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- કાવ્ય નું ગાન
- અધૂરા સ્પેલિંગ પુરા કરવા
- rhyming words ગોઠવવા
- પાઠની સમજ
- પાઠનું વાંચન
- ખાલી જગ્યા પૂરો
- પ્રશ્નોના જવાબ ની સમજ
- પબ્લિક નોટિસ નું વાંચન
- સાચા-ખોટા ની સમજ
- ચિત્ર દ્વારા ગુડ હેબિટ ની સમજ
- પાર્ક ના ચિત્ર દ્વારા ચિત્રમાં થતી ક્રિયાઓ ની સમજ
- am, is, are ની ગોઠવણી દ્વારા ફકરો પૂર્ણ પૂરો કરવો
- 'have' or 'has' નો ખાલી જગ્યામાં ઉપયોગ
- સાચા સ્પેલિંગ શોધવા અને વર્તુળ કરવું
- આલ્ફાબેટિક પ્રમાણે સ્પેલિંગ ગોઠવવા
- Raja Says ની રમત રમવી
- ઘરે જાતે કરોની પ્રવૃત્તિ કરવી
- તમારી જાતે જ કરો. (પ્રવુત્તિ)

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ગુડ હેબિટ ચાર્ટ
- મોબાઇલ / પ્રોજેક્ટર
- સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'Mother Earth' કાવ્યનું ગાન કરાવી સમજાવીશ. કાવ્યના આધારે નીચે ખુટતા સ્પેલિંગો પુરાવી આખો શબ્દ બનાવડાવીશ. ત્યારબાદ કાવ્યના rhyming words શોધાવી લખાવીશ. A Clean Park પાઠની વિદ્યાર્થીઓને સમજ આપીશ. ત્યારબાદ પાઠના આધારે નીચે આપેલી માહિતી વિદ્યાર્થીઓને વારાફરતી પૂછીશ. ખાલી જગ્યાઓ ભરાવીશ. પાઠમાં આવતા પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓને પૂછી ને લખાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલ નોટિસ Army Public School ની સમજ આપીશ. True or False કરાવીશ. નોટિસ ના આધારે આપેલા પ્રશ્નોના જવાબોની સમજ આપી લખાવીશ. આપણી રોજની hobits ની ચિત્રો દ્વારા સમજ આપીશ. ત્યારબાદ At the Park નું ચિત્ર બતાવી તેમાં આપેલા વ્યક્તિઓની ક્રિયાઓ સમજાવીશ. ત્યારબાદ am, is, are ને દ્વારા સુધારીને વાક્ય ફરીથી લખાવીશ. ત્યારબાદ 'was' or 'were' નો ઉપયોગ કરી ફકરો પૂરો કરાવીશ. પાઠ્યપુસ્તકમાં આપેલી ખાલી જગ્યામાં 'have' or 'has' નો ઉપયોગ કરી લખાવીશ. ત્યારબાદ પાઠ્યપુસ્તક આપેલ Farmer ના ફકરામાં ની ખાલી જગ્યાઓ સમજાવી લખાવીશ. સાચા સ્પેલિંગો પર વર્તુળ કરાવીશ. આલ્ફાબેટીક પ્રમાણે ગોઠવીશ. ત્યારબાદ પ્રવૃત્તિમાં Raja Says ની રમત વિદ્યાર્થીઓને રમાડીશ. ત્યારબાદ જાતે કરો પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાં આપેલી પ્રવૃત્તિ ઘરે કરવા માટે કહીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ :**

- Raja Says ની રમત
- Dustbin બનાવવાનો વિડીયો
- ગુડ હેબીટસની પ્રવુત્તિ
- રોલ પ્લેય

**મૂલ્યાંકન :**

- કાવ્ય કંઠસ્થ કરવું
- અધૂરા સ્પેલિંગ પૂર્ણ કરી લાવવા
- rhyming words શોધીને લખી લાવવા
- પાઠનું વાંચન કરવું
- પાઠ ના આધારે ખાલી જગ્યાઓ પૂરી લાવવી
- પ્રશ્નોના જવાબ ઘરેથી લખી લાવવા
- Army Public School ની નોટિસ ના આધારે ખાલી ખરા ખોટા લખવા

- ચિત્રના આધારે ગુડ હેબિટ ની સમજ મેળવી પ્રશ્નોના જવાબ લખી લાવવા.
- 'was' or 'were' નો ઉપયોગ કરી ફકરો પૂરો કરી લાવવો
- 'have' or 'has' નો ઉપયોગ કરી ખાલી જગ્યાઓ ઘરેથી લખી લાવવી
- સાચા સ્પેલિંગ પર વર્તુળ કરી લાવવું
- આલ્ફાબેટિક પ્રમાણે સ્પેલિંગો ગોઠવવા
- જાતે કરો પ્રવૃત્તિ દ્વારા ઘરેથી પ્રવૃત્તિ કરી લાવવી

## ડીસેમ્બર માસનું આયોજન

### 7. Think Differently

**અધ્યયન નિષ્પતિ :**

E509 વાર્તા, કવિતા, પરિચ્છેદ અને વિવિધ પ્રકારની સામગ્રી નક્શો, ટાઇમટેબલ, ચાર્ટ વગેરે નું વાચન કરી અર્થગ્રહણ કરે છે.

E510 યોગ્ય વિકલ્પો વડે આપેલ સંવાદ પૂર્ણ કરે છે. પરિચિત પરિસ્થિતિમાં સંવાદ કરે છે.

E512 વિરામચિહ્નોનો ઉપયોગ કરી સાદા અંગ્રેજી વાક્યોનું શ્રુતલેખન કરે છે.

E520 શબ્દકોશનો ઉપયોગ કરી શબ્દ વિશેની માહિતી મેળવે છે અને તેનો વાક્યોમાં પ્રયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- 'Detective Mouse' કાવ્યનું હાવ ભાવ સાથે વાંચન
- કાવ્યમાંથી સ્પેલિંગો શોધવા
- લીટી કરેલા શબ્દો દ્વારા ફરી વાક્ય લખો
- ટૂંકા પ્રશ્નોના જવાબ લખવા
- Raman, the Detective પાઠની સમજ
- સાચા વિકલ્પો શોધવા
- ખાલી જગ્યા પૂર્ણ કરવી
- નડાબેટ વિશેની સમજ નડાબેટ ના આધારે પ્રશ્નોના જવાબ લખવા
- પાઠ્યપુસ્તકમાં આપેલ LOST DOG પોસ્ટર ના આધારે ફકરો પૂર્ણ કરવો
- આડાઅવળી થયેલા ચિત્રને યોગ્ય રીતે ગોઠવવું
- ઊંટની ચિત્રો દ્વારા વિવિધ ક્રિયાઓ ઓળખવી
- ફકરામાં થયેલી ભૂલો શોધી ફરીથી ફકરો લખવો
- આપેલા વાક્યોને કોષ્ટકમાં યોગ્ય રીતે ગોઠવવા

- કોષ્ટકમાંથી આપેલા સ્પેલિંગો શોધી ટીક કરવું
- START to FINISHની રમત રમવી
- પાઠ્યપુસ્તકમાં આપેલી રમત રમવી
- વિદ્યાર્થીઓને પોતાના વિશેની ત્રણ બાબતો કહી અને સાચી ખોટી બાબત કહી શોધવી
- ઇન્ટરનેટ દ્વારા બિરબલ અને સેરલોક હોમ્સના ફોટા અને દેશ વિશેની માહિતી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- બિરબલ અને સેરલોક હોમ્સ ના ફોટા
- વિવિધ ક્રિયા ના ચાર્ટ
- નડાબેટ ચિત્રો, વિડીયો
- મોબાઈલ / પ્રોજેક્ટર
- સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'Detective Mouse' ની કાવ્યની હાવભાવ સાથે ગાન કરાવી અને સમજ આપીશ. વિદ્યાર્થીઓ પણ કાવ્યનું ગાન કરાવીશ. કાવ્યમાં આવતા લેટર શોધીને લખવા આપીશ. લીટી કરેલા શબ્દો ને ફરીથી સુધારી નવેસરથી લખવા આપીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓને ટૂંકા પ્રશ્નોના જવાબ સમજાવી લખાવીશ. Raman, the Detective પાઠની વિદ્યાર્થીઓને સમજ આપી આપીશ. તેના આધારે પાઠ્યપુસ્તકમાં આપેલ સાચો વિકલ્પ શોધી વિદ્યાર્થીઓને લખાવીશ. વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાં આપેલ ખાલી જગ્યાઓની સમજ આપી લખાવીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓને નડાબેટ ચિત્રના આધારે તેના વિડીયો દ્વારા પણ સમજ આપી અને નડાબેટ પાકિસ્તાન બોર્ડર ને લગતા પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓને સમજાવી લખાવીશ. ત્યારબાદ ખોવાયેલા કુતરા (LOST DOG) વિશેની પોસ્ટર દ્વારા ફકરા માની ખાલી જગ્યાઓની સમજ આપી લખાવીશ. ચિત્રના આધારે પાઠ્યપુસ્તકમાં આપેલા આડાઅવળી ચિત્રોને યોગ્ય ગોઠવવાનું સમજાવી વિદ્યાર્થીઓને આલ્ફાબેટિક પ્રમાણે ગોઠાવડાવીશ. ઊંટ વિશેની સમજ આપી ઊંટની વિવિધ ક્રિયાઓ લખાવડાવીશ. ફકરામાં આપેલી ભૂલો સુધારી ફરીથી ફકરો લખાવીશ. આપેલા વાક્યોને નીચેના કોષ્ટકમાં યોગ્ય રીતે સમજાવી લખાવીશ. કોષ્ટકમાં સાચો સ્પેલિંગ શોધી ટીક

કરાવીશ. વિદ્યાર્થીઓને બે જૂથમાં વિભાજીત કરી START to FINISH સુધીની પાઠ્યપુસ્તકમાં આપેલી રમત વિદ્યાર્થીઓને રમાવડાવીશ. પાઠમાં આપેલી પ્રવૃત્તિ વિદ્યાર્થીઓના જૂથ બનાવી કરાવીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓની પોતાની ત્રણ બાબતો કહી સાચી બાબત અને ખોટી બાબત કઈ? તે વિદ્યાર્થીઓ સાથે શોધવાની પ્રવૃત્તિ કરાવીશ. ઇન્ટરનેટ નો ઉપયોગ કરી બિરબલ અને સેરલોક હોમ્સ વિશેની માહિતી પાઠ્યપુસ્તકમાં લખાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- START to FINISH ની પ્રવુત્તિ
- ખોવાયેલી વ્યક્તિની જાહેરાત બનાવવી
- બિરબલ અને સેરલોક હોમ્સની માહિતી
- વિદ્યાર્થીઓની પોતાની ત્રણ બાબતો કહી સાચી બાબત અને ખોટી બાબત કઈ? પ્રવુત્તિ

**મૂલ્યાંકન :**

- કાવ્ય કંઠસ્થ કરવું
- કાવ્યમાં આપેલા સ્પેલિંગો શોધીને ઘરેથી લખી લાવવા
- ટૂંકા પ્રશ્નોના જવાબ લખી લાવવા
- પાઠનું વાંચન કરી લાવવું
- પાઠના આધારે સાચો વિકલ્પ ઘરેથી લખી લાવવું
- પાઠના આધારે ખાલી જગ્યાઓ પૂરી લાવવી
- નડાબેટ વિશે વધુ માહિતી જાણી લાવવી
- નડાબેટ ના આધારે પાઠ્યપુસ્તકમાં આપેલા પ્રશ્નોના જવાબ ઘરેથી લખી લાવવા
- પોસ્ટર ના આધારે આપેલા ફકરાની ખાલી જગ્યાઓ પૂરી લાવવી
- આડાઅવળી થયેલા ચિત્રને યોગ્ય રીતે ગોઠવવા
- ઊંટ ના ચિત્રના આધારે તેની વિવિધ ક્રિયાઓ પાઠ્યપુસ્તકમાં લખી લાવવી
- વાક્યોને યોગ્ય રીતે કોષ્ટકમાં ગોઠવી લાવવું
- સાચો સ્પેલિંગો કોષ્ટકમાં શોધી ટીક કરી લંબચોરસ કરવું
- ઓછામાં ઓછા 10 પ્રશ્નો ની યાદી તૈયાર કરી લાવવી
- પા.પુ.માં આપેલી રમત ઘરે પણ રમવી

- ઇન્ટરનેટનો ઉપયોગ કરી બિરબલ અને સેરલોક હોમ્સના ફોટા અને તેના દેશ વિશેની માહિતી શોધી લાવવી.

**જાન્યુઆરી માસનું આયોજન**

**8. Sharing is Carring**

**અધ્યયન નિષ્પતિ :**

E504 મુદ્દાને આધારે ચિત્રનું મૌખિક લેખિત વર્ણન કરે છે અથવા ચિત્રને આધારે આપેલા શબ્દોનો/ લેખિત વર્ણન/ઉપયોગ કરીને મૌખિક

E519 ભવિષ્યની ક્રિયાઓનું વર્ણન કરે છે. ઉ.દા. Tomorrow will be holiday.

E501 Rhymes, Action Songs, Poems, Prayers યોગ્ય હાવભાવ અને અભિનય સાથે ગયા છે અને તેને આગળ વધારે છે.

E503 પરિચિત પરિસ્થિતિ મુજબ ટૂંકી અને સરળ સૂચનાઓ સાંભળે છે, તેનો પ્રતિભાવ આવે છે અને મૌખિક કે લેખિતમાં તેવી સૂચનાઓ આપે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- 'Learn to Share' કાવ્ય નું ગાન
- કાવ્ય ના આધારે સ્પેલિંગો પૂર્ણ કરવા
- 'Sharing is Caring' વાર્તાનું વાંચન
- વાર્તા ના આધારે પ્રશ્નોના જવાબ
- A અને B જોડવા
- ફકરાનું વાંચન
- ફકરાના આધારે ખાલી જગ્યાઓ
- નૃત્ય કલા કેન્દ્ર નું ફોર્મ ભરવું
- નૃત્ય કલા કેન્દ્રના આધારે પ્રશ્નોના જવાબ લખવા
- listen/read શોધવું
- જૂથની પ્રવૃત્તિ કરવી
- A અને B ના આધારે જવાબ શોધવા
- કોષ્ટકમાં યોગ્ય શબ્દ મૂકવો
- પાઠમાં આપેલી પ્રવૃત્તિ કરવી
- ગુજરાતના જોવાલાયક સ્થળો ની માહિતી

**શૈક્ષણિક સાધન :**

-પાઠ્ય પુસ્તક
-ગુજરાતનો નકશો
-ગુજરાતના જોવાલાયક સ્થળોના ચિત્રો – વિડીયો
-મોબાઈલ / પ્રોજેક્ટર
-સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'Learn to Share' કાવ્યનુ ગાન કરાવીશ. વિદ્યાર્થીઓ પણ કાવ્યનું ગાન કરી કાવ્ય કંઠસ્થ કરી લાવશે. કાવ્યના આધારે ખૂટતા સ્પેલિંગ મૂકી શબ્દ પૂરો કરાવીશ. 'Sharing is Caring' વાર્તાનું વાંચન કરાવી વાર્તા ને સમજાવીશ. વાર્તાના આધારે તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓને સમજાવીને લખાવીશ. A અને B ના આધારે યોગ્ય જવાબ કોષ્ટકમાં લખાવીશ. ફકરો વંચાવી અને તેને સમજાવી ખાલી જગ્યાઓ પુરાવીશ. ત્યારબાદ નૃત્ય કલા કેન્દ્રના ફોર્મની સમજ આપી ફોર્મ ભરાવીશ અને તેના આધારે નીચે આપેલા પ્રશ્નોના જવાબો સમજાવીને નોટમાં લખાવીશ. સાચો શબ્દ શોધાવીને લખાવીશ. - listen/read ની સૂચનાઓ વિદ્યાર્થીઓને સમજાવીને લખાવીશ. વિદ્યાર્થીઓને ચિઠ્ઠી ઉપાડવાની રમત સમજાવીને રમાડીશ. A અને B કોષ્ટક ના આધારે સાચો જવાબ શોધીને કોષ્ટકમાં લખાવીશ. કોષ્ટકમાં સાચો સ્પેલિંગ શોધીને યોગ્ય રીતે લખાવીશ. ચિત્રના આધારે ફકરો બનાવી લખાવીશ. વિદ્યાર્થીઓને ગુજરાતના જોવાલાયક સ્થળો ની માહિતી એકત્ર કરાવી સમજાવીને નોટમાં લખાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ :**

- નૃત્ય કલાની સમજ
- ગુજરાતના જોવાલાયક સ્થળો શોધવા
- ચિઠ્ઠી ઉપાડની રમત
- પા.પુ.માં આપેલ 'તમારી જાતે કરો' પ્રવુત્તિ કરાવીશ.

**મૂલ્યાંકન :**

- કાવ્ય કંઠસ્થ કરવું
- કાવ્યના આધારે સ્પેલિંગો ઘરેથી લખી લાવવા
- 'Sharing is Caring' વાર્તા નું વાંચન કરી લાવવું
- વાર્તાના જવાબ ઘરેથી લખી લાવવા
- ફકરો વાંચી તેના આધારે ખાલી જગ્યા ભરવી
- નૃત્ય કલા કેન્દ્ર નું ફોર્મ ભરવું
- ફોર્મ ના આધારે પ્રશ્નોના જવાબ ઘરેથી લખી લાવવા
- સાચું વાક્ય શોધી લખવું
- પ્રશ્નોના જવાબ લખી લાવવા
- listen/read યોગ્ય રીતે જવાબ લખવો
- ચિઠ્ઠી ઉપાડની રમત જૂથમાં રમવી

- A અને B માંથી સાચો જવાબ શોધીને લખી લાવવો
- કોષ્ટકમાં સાચો શબ્દ લખવો
- ચિત્રના આધારે ફકરો લખવો
- ગુજરાતના જોવાલાયક સ્થળો વિશે માહિતી એકત્ર કરવી

## ફેબ્રુઆરી માસનું આયોજન

### 9. Friendship

**અધ્યયન નિષ્પતિ :**

E508 ટૂંકી પરિચિત વાર્તા, પ્રસંગ, ઘટના સાંભળી પૂછેલી વિગતો પ્રશ્નોના જવાબ આપે છે.

E514 વસ્તુના કદ, આકાર, રંગ, સંખ્યા અને વજન વિશે ચારથી પાંચ વાક્યોમાં જણાવે છે.

E515 વસ્તુ, વ્યકિત, સ્થાન, વ્યવસાયકારો, પશુપક્ષી, વૃક્ષ વગેરે વિશે ચારથી પાંચ વાક્યોમાં જણાવે છે.

E516 ઉલટ પ્રશ્નો (Inversion Questions) તેમજ Wh. Questions (who, what, how many, how much, where, when, why, how) નાં મૌખિક અને લેખિતમાં ચારથી પાંચ વાક્યોમાં જવાબ આપે છે.

E502. વિવિધ પાત્રો/ઘટના પરિચિત પરિસ્થિતિ સંબંધિત સંવાદ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- 'I Can Be a Pal' કાવ્યનું વાંચન
- કાવ્યનું સમૂહમાં ગાન
- કાવ્યના આધારે આડાઅવડી થયેલા સ્પેલિંગો સુધારીને લખવા
- સાચો સ્પેલિંગ શોધવો
- 'Friends Forever' વાર્તાનું વાંચન
- વાર્તા ના આધારે ખાલી જગ્યાઓ પુરવી
- પ્રશ્નોના જવાબની સમજ
- ફકરાનું વાંચન
- ફકરાના આધારે પ્રશ્નોના જવાબની સમજ
- True અને False શોધવું
- Happy Birthday કાર્ડ ના આધારે ખાલી જગ્યાઓ પુરવી
- ચિત્રના આધારે 8 થી 10 વાક્યો લખો
- My Best Friend વિશે શબ્દોનો ઉપયોગ કરી ફકરો બનાવવો
- શબ્દનો ઉપયોગ કરી ખાલી જગ્યા પુરવી

- ચિત્રના આધારે પ્રશ્નોના જવાબો સમજવા
- ફકરામાં આપેલ ખાલી જગ્યાઓમાં યોગ્ય જવાબ લખો
- સ્પેલિંગ પરથી અન્ય બનતા સ્પેલિંગો બનાવીને લખવા
- સંગીત ખુરશી ની રમત વિદ્યાર્થીઓને રમાડવી

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- મોબાઈલ / પ્રોજેક્ટર
- બર્થ ડે કાર્ડ બનવવા કાગળ
- ફ્લેશકાર્ડ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'I Can Be a Pal' કાવ્યનું ગાન હાવભાવ સાથે કરાવીશ. વિદ્યાર્થીઓ કાવ્યનું ગાન કરશે. કાવ્યના આધારે આડા-આવડી થયેલા સ્પેલિંગો સુધારીને ફરી લખાવી 'Friends Forever' પાઠનું વાંચન કરાવી પાઠની સમજ આપીશ. તેની નીચે આપેલી ખાલી જગ્યાઓ સમજાવીને લખાવીશ. પાઠના આધારે આપેલા પ્રશ્નોના જવાબોની સમજ આપીશ નોટમાં વિદ્યાર્થીઓને લખાવીશ. ફકરાનું વાંચન કરી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબોની સમજ આપી લખાવી True અને False સુધારીને લખાવીશ. Happy Birthday કાર્ડનો ઉપયોગ કરી યોગ્ય ખાલી જગ્યાઓ પુરાવીશ. પાઠમાં આપેલ ચિત્રના દ્વારા 8 થી 10 વાક્યો સમજાવીને લખાવીશ. My Best Friend ફકરો વિદ્યાર્થીઓને લખાવીશ. શબ્દોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને ખાલી જગ્યામાં યોગ્ય જવાબ લખાવીશ. ચિત્રોનો ઉપયોગ કરી તેના આધારે પ્રશ્નોના જવાબો વિદ્યાર્થીઓને નોટમાં લખાવીશ. ફકરામાં રહેલી ખાલી જગ્યાઓમાં યોગ્ય જવાબ મૂકી ફકરો ફરીથી લખાવીશ. પાઠમાં આપેલી પ્રવૃત્તિ સંગીત ખુરશીની રમતમાં અલગ-અલગ વસ્તુ ના નામ બોલાવી આ રમત વિદ્યાર્થીઓને રમાડીશ. ત્યારબાદ બર્થડે નું ઇન્વિટેશન કાર્ડ બાળકોને કાગળ માંથી બનાવડાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેકટ / પ્રયોગ :**

- બર્થડે નું ઇન્વિટેશન કાર્ડ કાગળ માંથી બનાવવું.
- સંગીત ખુરશીની રમત

**મૂલ્યાંકન :**

- 'I Can Be a Pal' કાવ્યનું વાંચન
- કાવ્ય કંઠસ્થ કરવું કરી લાવવું

- કાવ્યના આધારે આડાઅવડી થયેલા સ્પેલિંગો સુધારીને ફરી લખી લાવવા
- 'Friends Forever' પાઠનું વાંચન કરવું
- પાઠના આધારે આપેલી ખાલી જગ્યાઓ લખવી
- પ્રશ્નોના જવાબો સમજીને લખી લાવવા
- ફકરાનું વાંચન કરવું
- ફકરાના આધારે પ્રશ્નોના જવાબ ઘરેથી લખી લાવવા
- True અને False શોધીને નોટમાં લખવું.
- Happy Birthday કાર્ડના આધારે ખાલી જગ્યાઓ લખવી.
- ચિત્રના આધારે 8 થી 10 વાક્યો ઘરેથી લખી લાવવા
- My Best Friend વિશે ફકરો લખવો. શબ્દનો ઉપયોગ કરી ખાલી જગ્યાઓ પૂરી લાવવી.
- ચિત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખી લાવવા.
- ફકરામાં યોગ્ય શબ્દ મૂકી ફરીથી ફકરો લખી લાવવો
- સંગીત ખુરશીની રમત રિસેસમાં સમૂહમાં રમવી
- કાગળમાંથી બર્થ ડે કાર્ડ બનાવી લાવવું

**માર્ચ માસનું આયોજન**

**10. Life Skills**

**અધ્યયન નિષ્પતિ :**

E507 10,000થી વધુ અને એક કરોડ સુધીના અંગ્રેજી અંકોને વાંચે અને લખે છે તેમજ વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે.

E517 me my myself, we us our ourself ourselves, you you your - yourself - yourselves he him his-himself she - her her they - them - their - themselves જેવા સર્વનામોનો ઉપયોગ કરે છે. herself it it its - itself,

E511 પોતાના માતાપિતા, ભાઈબહેન, મિત્રો, પ્રવાસ, અનુભવ, ગમતી બાબત વિશે ચારથી પાંચ વાક્યોમાં મૌખિક અથવા લેખિતમાં જણાવે છે.

E513 વર્ગખંડ કવિતા શાળાકીય પર્યાવરણમાં ઉપલબ્ધ લખાણ, પોસ્ટર, ચાર્ટ, સૂચના, સુવિચાર, ન્યૂઝપેપર વગેરે વિશે ચારથી પાંચ વાક્યોમાં જણાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- 'Why, Why, Why?' કાવ્યનું સમૂહમાં ગાન
- કાવ્ય ના આધારે ખાલી જગ્યાઓ સમજાવી
- Whyનો ઉપયોગ કરી પ્રશ્ન બનાવવો
- 'Self Assessment' પાઠનું વાંચન
- પાઠના આધારે
- True અને False ની સમજ
- વાક્ય વાંચી કોષ્ટકમાં યોગ્ય માહિતી ભરવી
- ફકરાનું વાંચન કરવું
- ફકરાના આધારે આપેલા પ્રશ્નોના જવાબ યોગ્ય રીતે સમજાવવા
- વાક્યમાં યોગ્ય જગ્યાએ લીટી કરવી
- આલેખ નો ઉપયોગ કરી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબની સમજ
- ચિત્રના આધારે આઠ થી દસ વાક્યો ની ચર્ચા
- વિદ્યાર્થીઓની અંદર સારી બાબત અને સુધારાત્મક બાબતોની ચર્ચા
- A ના આધારે B માં યોગ્ય જવાબ લખો.
- કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી પ્રશ્નાર્થ વાક્યો બનાવવા
- લીટી કરેલા શબ્દોનું ઉપયોગ કરી વાક્ય ફરીથી લખવું
- આપેલા શબ્દોનો યોગ્ય ઉપયોગ ફકરામાં કરવો
- ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા સમજાવવી
- 4-4ના જૂથ પાડી અભિનય દ્વારા પ્રાણીઓનો અવાજ ની પ્રવૃત્તિ કરાવી
- કોષ્ટકમાં બાકી રહેલી માહિતી પૂર્ણ કરવી
- જાતે કરોની પ્રવૃત્તિ કરવી
- કૌંસમાં આપેલા શબ્દોનો યોગ્ય ઉપયોગ કરી ખાલી જગ્યા ફરીથી લખવી.

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચિત્રો
- મોબાઈલ / પ્રોજેક્ટર
- સંદર્ભ પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓને 'Why, Why, Why?' કાવ્યનું વ્યક્તિગત અને સમૂહમાં ગાન કરાવીશ. વિદ્યાર્થીઓ તેનું ગાન કરશે. કાવ્યના આધારે નીચે આપેલી ખાલી જગ્યાઓની સમજ આપી વિદ્યાર્થીઓને લખાવીશ. Whyનો ઉપયોગ કરી શબ્દોના આધારે પ્રશ્નાર્થ વાક્ય બનાવડાવીશ.

વિદ્યાર્થીઓને 'Self Assessment' પાઠનું વાંચન કરાવીશ અને સમજ આપીશ. True અને False યોગ્ય જવાબ લખાવીશ. આપેલા વાક્યના આધારે કોષ્ટકમાં યોગ્ય જવાબ લખાવીશ. ફકરાનું વાંચન કરી સમજ આપી એની નીચે આપેલા પ્રશ્નોના જવાબો સમજાવી લખાવીશ. ગ્રાફને સમજાવી તેની ચર્ચા કરી પ્રશ્નોના જવાબ લખાવીશ. ચિત્રની સમજ આપી તેના આધારે 8 થી 10 વાક્યો વિદ્યાર્થીઓને લખાવીશ. ત્યારબાદ વિદ્યાર્થીની અંદર રહેલી સારી બાબત અને સુધારાત્મક બાબતની ચર્ચા કરી સમજ આપીશ. કોષ્ટક A ના આધારે B માં રહેલી ખાલી જગ્યાઓ પુરાવડાવીશ. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય ફરીથી બનાવડાવીશ. લીટી કરેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પ્રશ્નાર્થ વાક્ય બનાવડાવીશ. ફકરામાં રહેલી ખાલી જગ્યામાં આપેલા શબ્દોનો યોગ્ય ઉપયોગ કરી ફરીથી ફકરો લખાવડાવીશ. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પુરાવીશ. પાઠમાં આપેલી પ્રવૃત્તિ 4-4ના જૂથમાં રહેલી રમત વિદ્યાર્થીઓને સમજાવીને વર્ગમાં રમાડી કોષ્ટકમાં બાકી રહેલા ખાનાઓમાં યોગ્ય સ્પેલિંગો સમજાવીને લખાવીશ. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા લખાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

- 4-4ના જૂથમાં રમત
- Professionની acting કરવી
- વિદ્યાર્થીની અંદર રહેલી સારી બાબત અને સુધારાત્મક બાબતની ચર્ચા

**મૂલ્યાંકન :**

- 'Why, Why, Why?' કાવ્ય કંઠસ્થ કરવું
- કાવ્યનું ઘરેથી લેખન કરી લાવવું
- કાવ્યના આધારે ખાલી જગ્યાઓ ઘરેથી લખી લાવવી
- આપેલા શબ્દોનો ઉપયોગ કરી પ્રશ્નો બનાવવા
- 'Self Assessment' પાઠનું વાંચન કરી લાવવું
- True અને False વાક્યો લખી લાવવા
- કોષ્ટકમાં આપેલા વાક્યોના આધારે યોગ્ય જવાબ ઘરેથી લખી લાવવો.

- ફકરો વાંચી તેના આધારે પ્રશ્નોના જવાબ ઘરેથી લખી લાવવા
- ગ્રાફનો ઉપયોગ કરી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ઘરેથી લખી લાવવા
- ચિત્રના આધારે 8 થી 10 વાક્યો લખવા
- વિદ્યાર્થીઓની અંદર રહેલી સારી બાબત અને સુધારાત્મક બાબતો ની ચર્ચા કરવી
- કોષ્ટક A ના આધારે B માં ખાલી જગ્યાઓ પૂરી લાવવી
- કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્યો ફરીથી લખવા
- લીટી કરેલા શબ્દોનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવવું
- કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ફકરો ફરીથી લખવો
- ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકવો
- 4-4ના જૂથ પાડી પાઠમાં આપેલી રમત રમવી
- કોષ્ટકમાં ખાલી રહેલા ભાગમાં યોગ્ય જવાબો લખવા.
- આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરી લાવવી